# 'પ્રકૃતિર પ્રતિશોધ' [૧૮૮૪] અને 'વિસર્જન' [૧૮૯૦]

## પ્રકૃતિર પ્રતિશોધ

રવીન્દ્રનાથે માત્ર બાવીસ વર્ષની વયે લખેલું 'પ્રકૃતિર પ્રતિશોધ', તેમનું પ્રથમ પુસ્તક છે, જે આપણું ધ્યાન ખેંચવા યોગ્ય કહી શકાય. કવિનાં મન અને મગજની પરિસ્થિતિ સમજવા માટે તેની અગત્યતા અંગે કોઈ ચર્ચાને અવકાશ નથી – જો કે એક નાટક તરીકે તેની ગુણવત્તા અંગે પ્રશ્નો પૂછી શકાય. ખરેખર તો આ નાટકમાં પરસ્પર વિરોધી વિભાવનાનું નિરૂપણ છે, પરસ્પર વિરોધી વ્યક્તિત્વનું નહીં. રવીન્દ્રનાથ પોતે જ તેમની પચાસ વર્ષની વયે લખેલી આત્મકથા, 'જીવનસ્મૃતિ'માં કહે છે કે યુવાન વયે લખાયેલાં આ મહત્ત્વાકાંક્ષી નાટકમાં તેમના ભાવિ સાહિત્યનો પરિચય છે.

આના પહેલાં રવીન્દ્રનાથે પદ્યનાં બે (મૈથિલીમાં લખાયેલું વૈષ્ણવ પદાવલિનું પુસ્તક, 'ભાનુસિંઘેર પદાવલિ' બાદ કરતાં) પુસ્તકો લખ્યાં હતાં, પણ તે બંને ઉપર કિશોરવયની સ્પષ્ટ છાયા હતી. 'પ્રભાતસંગીત'માં[1] એક કાવ્ય છે, 'નિર્ઝરેર સ્વપ્નભંગ' (ઝરણાંનો સ્વપ્નભંગ), જેનાથી મોટા ભાગના બંગાળી વાચકો પરિચિત છે. આ કાવ્ય તેની કલાત્મક ગુણવત્તાને કારણે નહીં, પણ તેમાં વ્યક્ત થયેલા એક યુવાન કવિના અવિસ્મરણીય અનુભવને કારણે જાણીતું છે. ઘણાં પાનાં (કદાચ વધારે પડતાં) ભરી દેતી અનેક ધસમસતી પંક્તિઓમાં આ અનુભવ વ્યક્ત થયો છે. એક બાળક તરીકે કવિ એકાકી અને અંતર્મુખ વ્યક્તિત્વ ધરાવતા હતા.

*1* ૧૮૮૩માં પ્રગટ થયેલો કાવ્યસંગ્રહ.

સંજોગવશાત્ નહીં, પણ પોતાની મેળે તેમણે એક એકલતાનો અને ખિન્નતા અને ઉદાસીનતાનો મિજાજ કેળવ્યો હતો. તેમના પહેલા કાવ્યસંગ્રહ, 'સંધ્યાસંગીત'નાં મોટા ભાગનાં કાવ્યોમાં બાયરન જેવા વેદનામાં આનંદ માણતાં અને અંગત દુ:ખને વ્યક્ત કરતાં ભાવ પ્રગટ થાય છે.

'નિર્ઝરેર સ્વપ્નભંગ' એક નિર્બંધ આનંદનું કાવ્ય છે. અચાનક એક આવરણ ખસી ગયું અથવા એક દીવાલ તૂટી ગઈ અને કવિનાં રુદ્ધ મનને બહારના જગત સાથે તાદાત્મ્યનો અનુભવ થયો. આ અનુભવ બીજાં જાણીતાં રહસ્યવાદીઓનાં લખાણોમાં વાંચ્યો હોય કે વ્યાખ્યાનોમાં સાંભળ્યો હોય તેવો જ હતો. રવીન્દ્રનાથને ક્યારેક કબીર અથવા કોઈ ખ્રિસ્તી રહસ્યવાદીઓ સાથે સરખાવવામાં આવે છે પણ તેમને માટે આ એક જ રહસ્યવાદી અથવા ચમત્કારિક અનુભવ હતો. તેમને માટે આ અનુભવનું ઘણું જ મહત્ત્વ હતું અને તેમણે વારંવાર આ અનુભવ વિશે લખ્યું છે. તેમણે છેલ્લી વાર આ અનુભવનો ઉલ્લેખ તેમના હિબર્ટ વ્યાખ્યાનોમાં કર્યો હતો અને હું તેમાંથી ટાંકું છું :

> 'હું જ્યારે અઢાર વર્ષનો હતો ત્યારે અચાનક એક ધાર્મિક અનુભવના વાસંતી પવનના મારા જીવનમાં પ્રથમ વાર પગરણ થયા અને આધ્યાત્મિક વાસ્તવિકતાનો સંદેશ મારા સ્મૃતિપટ પર અંકાઈ ગયો. એક વહેલી સવારે હું ઊભો-ઊભો વૃક્ષોની પાછળથી આવતાં સૂર્યનાં કિરણોને નીહાળી રહ્યો હતો અને એકાએક મને લાગ્યું કે ક્ષણમાત્રમાં મારી દૃષ્ટિ સામેથી કોઈ પ્રાચીન ધુમ્મસ વીખરાઈ ગયું અને હું સવારના પ્રકાશમાં જગતના પટ ઉપર આનંદના આંતરિક પ્રકાશનાં દર્શન કરી રહ્યો. સામાન્યનો અદૃશ્ય અંતરપટ મારી અને બધી જ વસ્તુ અને વ્યક્તિ વચ્ચેથી ખસી ગયો અને તેમનું પરમ સત્ય મારે માટે પ્રગટ થયું; આ જ છે સૌંદર્યની વ્યાખ્યા. આ

અનુભવમાં યાદ રહી ગયો તેનો માનવતાનો સંદેશ, મારી ચેતનાનો સહસા વિકાસ – મનુષ્યના પરમ અંગત જગતમાં. મારા આશ્ચર્યના પ્રથમ દિવસે મેં એક કવિતા લખી હતી, તેનું નામ હતું 'નિર્ઝરનો સ્વપ્નભંગ'. બર્ફીલા એકાંતમાં જેનો આત્મા સુષુપ્ત હતો તે નિર્ઝર સૂર્યના પ્રકાશના સ્પર્શથી મુક્તિના ધોધમાં ઊભરાઈ ગયો અને પોતાના અંતહીન ત્યાગથી તેને સાગર સાથેના સંગમમાં પોતાનું પરમ ધ્યેય મળ્યું. ચાર દિવસ પછી આ દર્શન અલોપ થઈ ગયું અને મારી એ આંતરિક દૃષ્ટિ ઉપર ઢાંકણું વસાઈ ગયું. ફરી એક વાર જગત અંધકારમય થઈ ગયું અને વેશપલટો કરીને એક અસ્પષ્ટ અને સામાન્ય હકીકત બની રહ્યું.'[1]

આ અનુભવની નાટ્યાત્મક પ્રસ્તુતિ એટલે 'પ્રકૃતિર પ્રતિશોધ' એમ કહી શકાય. નાટ્યાત્મક પ્રસ્તુતિની પ્રક્રિયામાં ફલક ઘણું વિશાળ અને રંગો વૈવિધ્યપૂર્ણ થયાં છે. 'પ્રભાતસંગીત'માં દેખાતી કિશોરવયની ઊર્મિશીલતા હવે અદૃશ્ય થઈ ગઈ છે. લેખકને દુનિયાનાં દર્શનની આછીપાતળી ઝાંખી થઈ હોય એમ લાગે છે તેમ જ માનવજીવનનાં પરમ ધ્યેય સમાન 'પુરુષાર્થ'ની વિભાવના પણ વિકસી રહી હોય તેમ લાગે છે.

નાટકમાં એક જ મુખ્ય પાત્ર છે – એક અભિમાની અને માથાભારે સંન્યાસી. આ સંન્યાસીએ પેલા એકલવાયા, કિશોરવયના નિસાસા નાંખતા અને કિશોરવયની કવિતા લખતા યુવાન સામે તિરસ્કારની લાગણીથી જોયું હોત. 'સંધ્યાસંગીત'નો કવિ અને 'પ્રકૃતિર પ્રતિશોધ'નો સંન્યાસી, બંને પોતપોતાનાં એકાંતમાં મશગૂલ હતા, પણ બંને વચ્ચે બીજું કાંઈ પણ સામ્ય ન હતું. કવિ તેના એકાંતમાં હતાશ હતો અને પોતાની દયા ખાતો હતો,

*1 રવીન્દ્રનાથ ટાગોર, 'ધ રિલિજિયન ઑફ મેન', (એલન ઍન્ડ અન્વીન, ૧૯૫૩), પા. ૯૩-૯૪.*

જ્યારે સંન્યાસી પોતાની આત્મનિર્ભરતામાં હર્ષોન્મત્ત થઈને બડાશ મારતો હતો. આ ટૂંકા નાટકના આરંભમાં સંન્યાસી પોતાના અથાગ પરિશ્રમથી કેળવેલી જગતની અવજ્ઞાની વાત વિસ્તૃત સ્વગતોક્તિમાં કરે છે. અલબત્ત, તેનું જગત તેના પોતાના આગવા ખ્યાલો અને વિચારોમાં અસ્તિત્વ ધરાવે છે. તેનાં જગતનાં દૃશ્ય અને ધ્વનિ તેને પહોંચતાં જ નથી, તેનાં પ્રલોભનો તેને સ્પર્શતાં નથી, તેનાં સુખદુ:ખની તેને કોઈ જ અસર નથી થતી. એક સમય હતો જ્યારે તે પણ બીજા બધાની જેમ જ તે પણ પ્રકૃતિનો ગુલામ હતો, કામના, આશા અને ભયથી બંધાયેલો હતો – તે પણ દોડતો હતો ભૌતિક સુખની પાછળ, જે મળતું તે પણ ક્ષણજીવી હતું અને માણી શકાય તે પહેલાં અદૃશ્ય થઈ જતું હતું અને બહુધા કડવાશ મૂકતું જતું હતું. સંન્યાસી જ્યારે પોતાની અંધારી ગુફામાંથી બહાર આવે છે ત્યારે તેને પ્રકૃતિ સાવ ફિક્કી અને નીરસ લાગે છે. તેને નીચે જોતાં નાનકડાં સ્ત્રી-પુરુષો તુચ્છ અને બાલિશ પ્રવૃત્તિઓમાં રત થયેલાં દેખાય છે.

સંન્યાસીનું આરંભનું આવેશપૂર્ણ અને વિજયઘોષણા જેવું લાગતું ભાષણ – જે ત્રણ પાનાં ભરી દે છે – ખરેખર તો આત્મજ્ઞાન લાધ્યા પછી બુદ્ધનાં સંભાષણની વિસ્તૃત આવૃત્તિ જેવું લાગતું હતું. (જો કે રવીન્દ્રનાથ હંમેશાં ગૌતમ બુદ્ધને અત્યંત સન્માનપૂર્વક જોતા હતા.) :

‘વશ કર્યા છે સૌને મેં, હવે જાણું છું બધું જ હું.
સર્વથી પર અને ત્યાગીને બધું જ હવે,
આખરે સર્વ કામનાના વિનાશથી મુક્ત,
પોતે જ જાણતો હું, કોનું ઋણ સ્વીકારું ?
ન કોઈ ગુરુ મારો, ન કોઈ મુજ સમોવડિયો;
સન્માનીય હું સાચે, ગુરુ શ્રેષ્ઠતમ.
એકલો હું જ સર્વોપરી બુદ્ધ, શાંત અને અક્ષુબ્ધ,’

'અંધારઘેર્યા જગતમાં અમરત્વનું નગારું ગજવતો.'[1]

આરંભના દૃશ્યમાં સંન્યાસીનો જે પરિચય આપણને થાય છે તેમાં 'વશ કર્યા છે સૌને મેં' ઉત્સાહપૂર્વક સંભળાવવામાં આવ્યું છે. પણ સામાન્ય જીવન તરફનો સ્પષ્ટ અણગમો અને 'અંધારઘેર્યા જગત' માટેનો તિરસ્કાર વધુ સ્પષ્ટપણે વ્યક્ત થયો છે. પછીના દૃશ્યમાં ગ્રામ્યજીવનની સામાન્ય અને બાલિશ આનંદદાયક પ્રવૃત્તિઓનું વર્ણન આવે છે. આ દૃશ્ય પહેલાં આપણો નાયક બે પંક્તિ બોલે છે :

*'હવે મારી નજરમાં છે આ લોકો ક્ષુલ્લક*
*જોવા દે મને તેમની જીવનની રમત.'*

આ પંક્તિઓથી આપણને ખ્યાલ આવે છે કે હવે જે પ્રસ્તુત થાય છે તે ગ્રામ્યજીવનનું હેતુલક્ષી ચિત્ર નથી પણ પોતાની જાતે કેળવેલી, સ્વત્વમાં રાચતી સંન્યાસીની દૃષ્ટિએ જોયેલું ચિત્ર છે. જીવન પ્રત્યે નકારાત્મક અભિગમ ધરાવતો અને જગતને ધિક્કારતો આ એકાંતવાસી આ તબક્કે જે કલ્પનોમાં રચે છે તે આપણને બોદલેરની[2] પંક્તિઓ યાદ કરાવે છે :

*'આ જગત છે એક મહાકાય મડદું,*
*તમે સૌ તેમાં ખદબદતાં જીવડાં,*
*તમે જીવતાં તેનાં આધારે, પરજીવી સમાન :*
*ક્ષણમાત્રમાં સમાપ્ત તમારું ખદબદવું,*
*ગળી જશે તમને પેલું મડદું.'*

---

1 *સર્વપલ્લી રાધાકૃષ્ણન્, ધ પ્રિન્સિપલ ઉપનિષદ્સ, (એલન ઍન્ડ અન્વીન ૧૯૫૪), પા. ૫૬૩.*

2 *ચાર્લ્સ બોદલેર (૧૮૨૧-૧૮૬૭) : આધુનિક ફ્રેંચ કવિ, નિબંધકાર, વિવેચક.*